
P7U5I3




# પ્રકરણ ૨૪
# મસાલેદાર કોયડા



તાજું છું તો લીલું, ને સુકાઈ જાઉં તો લાલ;
કોરું-કાચું ચાખે, એના ભૂંડા થાય હાલ.
તીખો-તીખો સ્વાદ મારો, રસોઈમાં નંખાઉં;
વધુ પડતું ખાવા જાઓ તો, નાકમાં પાણી લાઉં.
બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?




પીળો-પીળો રંગ મારો, તૂરો મારો સ્વાદ;
રસોઈમાં ને કચુંબરમાં, આવું સૌને યાદ.
નાની-નાની વાતોમાં, હું ઔષધ બની જાઉં;
દૂધ સાથે ભળી જતાં, ખાંસી ભગાડી દઉં.
બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


ઝીણી-ઝીણી મોતી જેવી, નાની પણ હું ગોળ;
અંદરથી હું સફેદ છું, પણ ઉપર કાળો ઢોળ.
કચુંબર કે નમકીનમાં, હોંશથી નંખાઉં;
જીભ ઉપર મને મૂકો તો, તીખો સ્વાદ લાવું.
બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?



પાતળું ને નાનું છું, કાળું અને ભૂરું છું;
તેલ-ઘીમાં તળાઉં છું, દહીં-છાશમાં નંખાઉં છું.
રસોઈમાં હું ભળું છું, ને સુગંધિત બનાવું છું;
પાઉડર કે આખે-આખું, ઉપયોગમાં આવું છું.
બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?



પાતળી ને નાની હું તો, લીલી-લીલી છમ;
મુખવાસ ને શરબતમાં, લાવી દઉં દમ.
લીલી-સૂકી ચાવો તમે, તો પણ લાગું મીઠી;
જીરા જેવી લાગું હું તો, જ્યારે તમને દીઠી.
બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ચોકલેટ જેવો રંગ મારો, શિંગડાંવાળી ચીજ;**
**ખીલી જેવો લાગું હું તો, મસાલાનું બીજ.**
**દાંતના દુખાવામાં હું, ખૂબ કામમાં આવું;**
**તીખો મારો સ્વાદ પણ, મુખવાસમાં ભાવું.**
**બોલો બોલો, જલ્દી બોલો, બોલો હું છું કોણ ?**



હવે બીજા બે મસાલા (spices-સ્પાઈસીસ) પર તમારા પોતાના કોયડા બનાવવા પ્રયત્ન કરો. તે કોયડા તમારા વર્ગમાં પૂછો. આ બે મસાલાનાં ચિત્રો તમારી નોટબુકમાં દોરો અને તેનાં નામ લખો.

- તમારા ઘરમાં રસોઈ બનાવવા કયા કયા મસાલાઓનો ઉપયોગ થાય છે ? તે શોધો. તેની યાદી બનાવો અને તમારા મિત્રની યાદી પણ જુઓ.

- જ્યારે તમારાં દાદા-દાદી નાનાં હતાં ત્યારે તેમના રસોડામાં મોટા ભાગે કયા મસાલાઓનો ઉપયોગ થતો હતો ? તેમની પાસેથી શોધી કાઢો અને અહીં લખો.

- એક એવા મસાલાનું નામ આપો કે જે નમકીન અને મીઠી બંને વસ્તુમાં નંખાય છે.

- રસોઈમાં ખાટો સ્વાદ લાવવા તેમાં શું નાખવામાં આવે છે ? શોધો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હું કુટ્ટન છું. હું કેરળમાં રહું છું. મારા ઘરના વાડામાં મસાલાનો બગીચો છે. ત્યાં મેં તમાલપત્ર, નાની અને મોટી ઇલાયચી અને મરીના છોડ જોયા.

- તમારા વિસ્તારમાં કોઈ મસાલા ઊગે છે ? શોધી કાઢો. અહીં તેમનાં નામ લખો.

- થોડા આખા મસાલા વર્ગમાં લાવો. કોષ્ટકમાં તેમનાં નામ લખો. તમારી આંખો બંધ કરી દરેક મસાલાને સ્પર્શ કરીને અને સુગંધથી ઓળખવાનો પ્રયત્ન કરો. જેને તમે ઓળખો તેની સામે (√) કરો. જો તમે ઓળખી ન શકો તો (×) કરો.

| ક્રમ | સુગંધ | સ્પર્શ | મસાલાનું નામ |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

**ચાલો, ચટાકેદાર ચણાચાટ બનાવવા પ્રયત્ન કરીએ !**

- તેના માટે તમારે જોઈએ -
  - બાફેલા ચણા, વર્ગમાં બધાં માટે પૂરતા હોય તેટલા.
  - મીઠું, લાલ મરચું, આમચુર પાઉડર અથવા લીંબુ સ્વાદ પ્રમાણે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- શેકેલું જીરું, સંચળ અને ગરમ મસાલો, જો શક્ય હોય તો
- કોથમીર.



બાફેલા ચણામાં સ્વાદ પ્રમાણે મીઠું, લાલ મરચું, આમચુર પાઉડર અથવા લીંબુનો રસ ઉમેરો. તમારી ચાટ સ્વાદિષ્ટ બનાવવા જીરું, સંચળ અને ધાણા પાઉડર ઉમેરો. અંતમાં ચપટી ગરમ મસાલો પણ ઉમેરી શકાય છે. બાફેલા ચણા સરખા મિક્સ કરો. સમારેલી કોથમીર તેના પર ભભરાવો. અરે વાહ ! તમારી ચટાકેદાર (spicy-સ્પાઈસી) ચણાચાટ ખાવા માટે તૈયાર છે !

- શું તમે ચણાચાટની મજા માણી ?
- અનુમાન કરો, જો ચણાની ચાટ બનાવવા એક પણ મસાલા ન હોય તો તે કેવી લાગે ?
- અલગ-અલગ પ્રકારની ચાટ બનાવતાં શીખો અને તે બનાવી વર્ગમાં તમારા મિત્રો સાથે તેની મજા માણો.
- વસ્તુઓ ઓછી કે વધારે ચટાકેદાર છે તે તમારી જીભ પર કેવી રીતે અનુભવ થાય છે ?

**શિક્ષક માટે :** ગરમ મસાલો : ઇલાયચી (નાની અને મોટી), લવિંગ, જીરું, તજ વગેરે અનેક મસાલાનો મિક્સ પાઉડર.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in